Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંક:એસ./પરિપત્ર/૧૩૨૪૫/૨૦૨૩
તા. ૨૧/૦૬/૨૦૨૩

પ્રતિ,
વડાશ્રી,
ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેશ એન્ડ
ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
સુરત.

**વિષય:–** MBA (Evening)માં SEBC/OBC અને EWS ઉમેદવારો માટે પ્રવેશ લાયકાતના માપદંડો બાબતે.

સુજ્ઞશ્રી,

સવિનય જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી MBA (Evening)માં SEBC ઉમેદવારો માટે પ્રવેશ લાયકાતના માપદંડો બાબતે ચર્ચા કરતા મેનેજમેન્ટ વિદ્યાશાખા અને બિઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ વિષયની અભ્યાસ સમિતિની સંયુક્ત તા.૧૮/૦૪/૨૦૨૩ ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૩ અન્વયે નીચે મુજબ કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા.૦૫/૦૫/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંક:૬૪ અન્વયે સ્વીકારી સિન્ડિકેટને કરેલ ભલામણ સિન્ડિકેટની તા.૩૦/૦૫/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંક:૭૨ થી યથાવત સ્વીકારી કરેલ છે જેની આથી જાણ કરવામાં આવે છે.

**મેનેજમેન્ટ વિદ્યાશાખા અને બિઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ વિષયની અભ્યાસ સમિતિની સંયુક્ત તા.૧૮/૦૪/૨૦૨૩ ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૩**

:: આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી MBA (Evening)ના પ્રવેશ લાયકાત માટે Qualifaying Examination ઓછામાં ઓછા 50 % સાથે પાસ કરેલ હોવી જોઈએ. જેમાં 5% ની છૂટ હાલ SC/ST ઉમેદવારોને જ આપવામાં આવે છે આ 5% ની છૂટ SC/ST ઉમેદવાર ઉપરાંત SEBC/OBC અને EWS કેટેગરીના ઉમેદવારોને આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**એકેડેમિક કાઉન્સિલની તા.૦૫/૦૫/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૬૪**

:: આથી ઠરાવવામાં આવે છે કે, મેનેજમેન્ટ વિદ્યાશાખા અને બિઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ વિષયની અભ્યાસ સમિતિની સંયુક્ત તા.૧૮/૦૪/૨૦૨૩ ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૩ અન્વયે કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**સિન્ડિકેટની તા.૩૦/૦૫/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંક:૭૨**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૦૫/૦૫/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૬૪ થી કરેલ ઉપરોક્ત ભલામણનો યથાવત સ્વીકાર કરવો.

કુલસચિવ

પ્રતિ,
૧) અધ્યક્ષશ્રી, મેનેજમેન્ટ વિદ્યાશાખા
૨) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.
૩) અનુસ્નાતક વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.

...તરફ જાણ તેમજ અમલ સારૂ.